**વર્ષ ૨૦૨૫-૨૬, ચાલુ બાબત**

ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાકીય સહાય માટેનું પેકેજ આપવાની(સામાન્ય વિસ્તાર) યોજનાને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- ACD/KEF/e-file/2/2024/3415/01/KH
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૧/૦૪/૨૦૨૫

**વંચાણે લીધા:-**

(૧) કૃષિ અને સહકાર વિભાગના તા.૩૦/૬/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૫/૨૨૧૪/ખ
(૨) કૃષિ અને સહકાર વિભાગના તા.૦૭/૪/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૬/૧૪૪૨/ખ
(૩) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૨/૪/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૭/૧૪૯૫/ખ
(૪) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૨/૪/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૮/૧૩૦૩/ખ
(૫) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૩/૦૬/૨૦૨૦ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૧૯/૧૩૮૧/ખ
(૬) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૦૪/૦૪/૨૦૨૨ ના પત્ર ક્ર: અજન/૦૧/જ-૧/૩૭૪/૨૦૨૨
(૭) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૨૦/૧૩૧૮/ખ
(૮) કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૧૮/૦૪/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક:સીએસકે/૧૦૨૦૨૨/૧૩૩૫/ખ
(૯) કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૬/૦૩/૨૦૨૪ ના ઠરાવ ક્રમાંકACD/AMR/e-file /2 /202 3/4973/05/KH
(૧૦) ખાંડ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા. ૦૩ /૦૩/૨૦૨૫ ના પત્ર ક્ર: અજન/૦૧/જ/૨૯૮/૨૦૨૫

**આમુખ :-**

ગુજરાત રાજ્યનો ખાંડ ઉદ્યોગ સહકારી ધોરણે ચાલતો હોવાથી દરેક ખાંડ મંડળીઓ પાસે નાણાકીય લીકવીડીટીનો અભાવ હોય છે. રાજ્ય સરકાર દ્વારા શેરડી ઉત્પાદક ખેડૂતો તથા ખાંડ ઉદ્યોગને સક્ષમ બનાવવાના અભિગમ સાથે રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબ પેકેજમાં આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યકરણના હેતુ માટે ટીસ્યુકલ્ચર લેબ, ઓર્ગેનિક ખાતરનું ઉત્પાદન, ટર્બાઈનના બદલે ઈલેક્ટ્રીસીટી મોટરના ઈન્સ્ટોલેશન, મોલાસીસ/રેક્ટીફાઈડ સ્પીરીટ સ્ટોરેજ માટે નવી ટેન્ક બનાવવા, મિકેનાઈઝેશન ઈન સુગર હાર્વેસ્ટીંગ, ડિસ્ટીલરી કેપેસિટી અપગ્રેડેશન, ઈથેનોલ સ્ટોરેજ કેપેસીટી વધારવા, નવા ગોડાઉન બાંધકામ, સ્ટીમ ઈકોનોમી પ્રોજેક્ટ, બોઈલર મોડીફીકેશન, ૩ મેગાવોટ ટર્બાઈન વગેરે તેમજ ઉત્પાદન ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થાય તેવા પ્રોજેક્ટ માટે તેમજ સંગ્રહ વ્યવસ્થામાં સુધારા વધારાનો સમાવેશ કરવા અને શેરડીની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે નાણાકીય પેકેજ આપવાની ચાલુ બાબતની યોજના હેઠળ સને ૨૦૨૪-૨૦૨૫ ના નાણાકીય વર્ષમાં ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક: (૯) ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સને ૨૦૨૫-૨૦૨૬ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં રૂા.૨ કરોડ (અંકે રૂપિયા બે કરોડ પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ હોઈ નિયામક (ખાંડતંત્ર), ગુજરાત રાજ્ય, ગાંધીનગરના ઉપર્યુક્ત વંચાણે લીધા ક્રમાંક : (૧૦) માં દર્શાવેલ તા.૦૩ /૦૩/૨૦૨૫ના પત્રથી ચાલુ બાબતની યોજનાને સને ૨૦૨૫-૨૦૨૬ના નાણાકીય વર્ષમાં ચાલુ રાખવાની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

**ઠરાવ:-**

સરકારશ્રી, પુખ્ત વિચારણાના અંતે રાજ્યની ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકારે નક્કી કરેલ પરિશિષ્ટ-અ મુજબની નાણાકીય સહાય માટેનું પેકેજ આપવાની ચાલુ બાબતની યોજનાને સને ૨૦૨૫-૨૦૨૬ ના નાણાકીય વર્ષના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા.૨.૦૦/-કરોડ (અંકે રૂપિયા બે કરોડ પુરા)ની જોગવાઈને આથી નીચે દર્શાવેલ શરતોને આધીન વહીવટી મંજૂરી આપવાનું ઠરાવે છે.

**શરતો અને બોલીઓ :-**

(૧) શેરડીની ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવા માટેના કૃષિ વિષયક પ્રોજેક્ટ કૃષિ યુનિવર્સિટીના ટેકનિકલ અભિપ્રાય અને સુચિત પ્રોજેક્ટમાં યુનિટ દીઠ દર્શાવવામાં આવેલ વેચાણ કિંમતની અધિકૃતતા અંગેના પ્રમાણપત્ર/ખરાઈ સાથે રજુ કરવાની રહેશે. તેમજ બાંધકામ અંગેના પ્રોજેક્ટનો પ્લાન/એસ્ટીમેટ ગવર્મેન્ટ એપ્રુવ્ડ સિવિલ એન્જીનીયર પાસે તૈયાર કરાવી એસ્ટીમેટ ગવર્મેન્ટના એસ.ઓ.આર મુજબના હોવા અંગે સરકારશ્રીના માર્ગ અને મકાન ખાતાના સક્ષમ અધિકારીનુ પ્રમાણપત્ર સંસ્થાએ પ્રોજેક્ટ પ્રપોઝલ સાથે રજુ કરવાનુ રહેશે.

(૨) આ યોજનાનું અમલીકરણ નિયામક(ખાંડતંત્ર), ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કરવાનું રહેશે. તથા યોજનાની મંજુર કરવામાં આવેલ રકમના વપરાશ તથા વખતો વખત સ્થળ તપાસ કરી, મંજૂર કરવામાં આવેલ સહાયનો ખર્ચ જે તે હેતુ માટે જ કરવામાં આવેલ છે. તેનુ મોનિટરીંગ સંબંધિત જિલ્લા રજિસ્ટ્રારે કરવાનુ રહેશે અને પ્રોજેક્ટ અંગે ઉભા થતા ઓડીટપેરાના જવાબો કરવા તથા તે નિકાલ કરવાની સંપૂર્ણ જવાબદારી સંસ્થા તથા જિલ્લા રજીસ્ટ્રારની રહેશે.

(૩) સહાયની શરતોના પાલનની લેખિત બાહેંધરી ખાંડ સહકારી મંડળીએ આપવાની રહેશે અને યોજનાની નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) જે હેતુ માટે સહાયની માંગણી કરવામાં આવી હશે તે હેતુ માટે ખાંડ સહકારી મંડળીઓએ ભૂતકાળમાં છેલ્લા પાંચ વર્ષમાં રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના કે અન્ય યોજના હેઠળ આવી સહાય મેળવેલ ન હોવી જોઈએ આ અંગેનુ પ્રમાણપત્ર સંસ્થા એ જિલ્લા

રજીસ્ટ્રારશ્રીનાખરાઈ સહ રજુ કરવાનુ રહેશે.

(૫) આ યોજનાની કોઈપણ શરતનો ભંગ થયેલ જણાયેથી સહાયની રકમ ૧૦% વ્યાજ સહિત સહાયની ઉપાડ તારીખથી સરકારશ્રીમાં પરત ભરપાઈ કરવાની રહેશે.

(૬) શેરડીની ઉત્પાદકતા વધારવા માટેનાં પ્રોજેક્ટ પૈકી ટીસ્યુકલ્ચર લેબના પ્રોજેક્ટની દરખાસ્તો તથા આધુનિકીકરણ, અપગ્રેડેશન અને વૈવિધ્યિકરણ ના પ્રોજેક્ટની દરખાસ્તો રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવે ત્યારબાદ વખતો વખત ખાંડ નિયામકના હવાલે મુકવામાં આવનાર ગ્રાન્ટની ફાળવણી સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારને કરવાની રહેશે. મંજૂર થયેલ સહાયની રકમ જિલ્લા રજીસ્ટ્રાર અને ખાંડ સહકારી મંડળીના સંયુક્ત ખાતામાં જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક/રાષ્ટ્રીયકૃત બેંકમાં જમા કરાવવાની રહેશે. ખાંડ સહકારી મંડળીએ આ પ્રોજેક્ટના હેતુ માટે ઉભું કરેલ ફંડ/ મેળવેલ કરજની અધિકૃત વિગતો જિલ્લા રજીસ્ટ્રારે મેળવી ફંડની મર્યાદામાં તબક્કાવાર પ્રથમ તબક્કે સહાય મંજૂરીનો હુકમ થયેથી ૫૦% સહાય અને પ્રોજેક્ટ પૂર્ણ થયે જિલ્લા રજીસ્ટ્રારે સ્થળ સ્થિતિની તપાસણી/પ્રગતિની વિગતો રજૂ કર્યા બાદ, નિયામક(ખાંડતંત્ર)ની પૂર્વ પરવાનગીથી બાકીના ૫૦% રકમની ફાળવણી કરવાની રહેશે.

(૭) સંસ્થાએ પ્રોજેક્ટના કમ્પલીશન સર્ટીફિકેટ, પ્રોજેક્ટ પાછળ થયેલ ખર્ચ, તે પૈકી રાજ્ય સરકારની સહાયની રકમનો વપરાશ વિગેરે વિગતો સહિત જિલ્લા રજીસ્ટ્રાર મારફત નિયામક(ખાંડતંત્ર)ને રજૂ કરવાની રહેશે. (૭)

(૮) આધુનિકીકરણ,અપગ્રેડેશન અને વૈવિધ્યકરણબા હેતુ માટેના પ્રોજેક્ટના DPR(Detailed Planning Report) તકનીકી તજજ્ઞ પાસે તૈયાર કરાવવાનો રહેશે.

(૯) શેરડીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટેના કૃષિ વિષયક અન્ય પ્રોજેક્ટ, ખાંડ સહકારી મંડળીઓ દ્વારા બાયો કંમ્પોસ્ટ, ફોસ્ફો કંમ્પોસ્ટ તથા વર્મી કંમ્પોસ્ટનાં વેચાણ સામે ખાંડ સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોના એકાઉન્ટમાં સીધેસીધી સહાય આપવાના પ્રોજેક્ટ અંતર્ગત યુનિટનું વેચાણ સૌપ્રથમ લાભાર્થીને સંસ્થા દ્વારા પુરી કિંમત લઈને કરવાની રહેશે. ત્યારબાદ વ્યક્તિગત લાભાર્થીની વિગતો સાથેના હિસાબો કેન ડેવલપમેન્ટ ઓફિસર, મેનેજિંગ ડીરેક્ટરશ્રી અને ઓડીટરશ્રીની સહી સાથે તથા જિલ્લા રજિસ્ટ્રારશ્રીના રેકર્ડ આધારિત ખરાઇ બદલના પ્રમાણપત્ર સાથે સહાયની મંજૂરી મેળવવા અંગેની દરખાસ્ત નિયામક (ખાંડતંત્ર) સમક્ષ રજૂ કરવાની રહેશે. નિયામક (ખાંડતંત્ર)ની મંજૂરી બાદ, સહાયની રકમની ચૂકવણી કરવાની રહેશે. સહાયની હિસ્સો/રકમ સંબંધિત લાભાર્થીના બેંક એકાઉન્ટમાં (NEFT /RTGS/ DBT) થી જમાં કરવાની રહેશે.

(૧૦) શેરડીની ઉત્પાદકતા વધારવા માટેના પ્રોજેક્ટ સિવાયના આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યિકરણના હેતુ માટેના પ્રોજેક્ટના અમલીકરણનું આ હેતુ માટેના ગર્વમેન્ટ એપ્રુવ્ડ ટેકનીકલ એક્ષપર્ટ પાસે થર્ડ પાર્ટી ઇવેલ્યુએશન કરાવી તેનો રીપોર્ટ રજૂ કરવાનો રહેશે. થર્ડ પાર્ટી ઇવેલ્યુએશનની તમામ ફી નો ખર્ચ સંસ્થાએ ભોગવવાનો રહેશે.

(૧૧) ખાંડ સહાકરી મંડળીએ બાયો,વર્મી,ફોસ્ફો કંમ્પોસ્ટનું કરેલ વેચાણ અંગે જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ ખાંડ મંડળીના વેચાણના રેકર્ડ આધારીત ખાત્રી કરવી અને તે અંગેના પ્રમાણપત્ર સાથે સહાયની દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે.

(૧૨) ખાંડ સહકારી મંડળીઓને જે હેતુ માટે સહાય મંજૂર કરવામાં આવેલ હોય તે પ્રોજેક્ટ પૈકી કૃષિ વિષયક સિવાયનો ઇંફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ વધુમાં વધુ સહાય મંજૂરી હુકમની તારીખથી ૧૮ માસ સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે. સંસ્થાએ સહાયના વપરાશ અંગેનું પ્રમાણપત્ર સંબંધિત જિલ્લા રજિસ્ટ્રાર મારફત તેઓની સ્થળ ઉપર પ્રગતિ/સ્થિતિની ખરાઇ કર્યા બદલ અને તેમની સહીથી નિયામક (ખાંડતંત્ર)ને રજૂ કરવાનુ રહેશે.

(૧૩) શેરડીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટેના પ્રોજેક્ટ સિવાયના આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યિકરણના હેતુ માટેના પ્રોજેક્ટ માટે સહાય મેળવનાર ખાંડ સહકારી મંડળીએ રૂ.૫.૦૦ લાખથી ઉપરની કિંમતના કામો માટે ફરજિયાતપણે ઇ- ટેન્ડરીંગ પ્રક્રિયા કરવાની રહેશે.

(૧૪) ઇ-ટેન્ડરીંગ અંગેના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઓર્ડર તા.૩૧/૦૧/૨૦૨૫ ક્રમાંક: GHKH/19/2025/GCS/10/2016/245(3) CHHનો ખાંડ સહકારી મંડળીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૫) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે. યોજનાના ઢાંચા મુજબ અમલીકરણ સંદર્ભે પારદર્શિતા રહે તેમજ કોઇ અનિયમિતતા ના સર્જાય તેની તકેદારી મંડળીના હોદ્દેદારો/જવાબદાર અધિકારીએ રાખવાની રહેશે અને તેની કસુર બદલ મંડળીના હોદ્દેદારો/જવાબદાર અધિકારીની સંપૂર્ણ જવાબદારી રહેશે.

(૧૬) શેરડીનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા માટેના પ્રોજેક્ટ માટેની દરખાસ્ત તથા આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યિકરણના હેતુ માટે યોજનામાં દર્શાવવામાં આવેલ પ્રોજેક્ટ પૈકી સંસ્થાની અગ્રતા મુજબ કોઇ પણ એક પ્રોજેક્ટ માટેની દરખાસ્ત રજૂ કરવાની રહેશે. ઉપલબ્ધ ફંડની મર્યાદામાં સહાય મંજુર કરવામાં આવશે.

(૧૭) સંસ્થાએ બાયો કંમ્પોસ્ટ, ફોસ્ફો કંમ્પોસ્ટ, વર્મી કંમ્પોસ્ટ, ટીસ્યુકલ્ચર/સીંગલ આઇબડ અંગે શેરડીનું વાવેતર કરતા હોય તેવા નાના અને સીમાંત ખેડૂતોને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૮) નવી ટીસ્યુકલ્ચર લેબ સ્થાપવા અને હયાત લેબનું વિસ્તૃતિકરણ માટે ખેતી નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, સહકારી ખાંડ ઉદ્યોગ સંઘ લિ.ના સંકલનમાં પ્રોજેક્ટના સ્પેશીફીકેશન આખરી કરવાના રહેશે.

(૧૯) આ યોજના માટે નાણાંકીય સહાય મેળવવાની દરખાસ્ત ખાંડ સહકારી મંડળીએ "પરિશિષ્ટ-બ" મુજબ બ્રીફ નોટ ચેકલીસ્ટમાં યોજનાનો હેતુ, યોજનાનો કુલ આઉટ લે, પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવેલ કામગીરી, પ્રોજેક્ટથી થનાર સંભવિત ફાયદાઓની વિગતો સહિત જરૂરી પ્રોજેક્ટ પ્રપોઝલ સંબંધિત જિલ્લા રજીસ્ટ્રારશ્રી સહી સાથે તેઓના સ્પષ્ટ અભિપ્રાય સહ નિયામક (ખાંડતંત્ર), ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજૂ કરવાની રહેશે. નિયામક (ખાંડતંત્ર)એ સદરહુ દરખાસ્ત કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને મંજૂરી અર્થે રજૂ કરવાની રહેશે.

(૨૦) સને ૨૦૨૫-૨૬ના વર્ષની બજેટ જોગવાઈને અધિન રહીને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨૧) પ્રસ્તુત યોજનામાં જે હેતુ માટે બજેટ જોગવાઈ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે અન્ય હેતુઓ માટે ખર્ચ કરી શકાશે નહી.

(૨૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારાધોરણોને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૨૩) યોજનાઓની નિયત થયેલ શરતોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૨૪) આ યોજનાના અમલીકરણ અન્વયે કોઈપણ વસ્તુની ખરીદી ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક એસ.પી.ઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ થી નક્કી કરવામાં આવેલ નીતિ મુજબ ખરીદ પધ્ધતિ મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

કરીને ફરજિયાત ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ(GeM) મારફતે કરવાનું રહેશે. જે વસ્તુઓ GeM પોર્ટલ ઉપર ઉપલબ્ધ ન હોય એવી વસ્તુઓની ખરીદી માટે પણ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૮ના ઠરાવ તથા ત્યારબાદ વખતોવખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨૫) વર્ષના અંતે જો કોઈ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૨૬) પ્રસ્તુત યોજના હેઠળ ખોલાવેલ ખાતામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મળનાર ગ્રાન્ટ જમા કરવાથી ઉક્ત ખાતામાં વ્યાજ સહિત અન્ય તમામ પ્રકારની જે પણ આવક થાય તે તમામ આવક રાજ્ય સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટનો જ હિસ્સો ગણવામાં આવશે.

(૨૭) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૨૮) સહાયનાં ધોરણો આ સાથેના "પરિશિષ્ટ-અ" માં દર્શાવ્યા મુજબના રહેશે.

(૨૯) સંસ્થાએ રજુ કરેલ દરખાસ્તમાં સમાવેશ કરેલ બાયો કંમ્પોસ્ટ, ફોસ્ફો કંમ્પોસ્ટ અને વર્મી કંમ્પોસ્ટના લાભાર્થીઓએ અગાઉના વર્ષોમાં સહાય મેળવેલ નથી તે મતલબનું પ્રમાણપત્ર સંસ્થાના મેનેજિંગ ડીરેકટરશ્રીની સહી સાથે રજુ કરવાનું રહેશે અને તેની જિલ્લા રજિસ્ટ્રારએ ખાત્રી કરી અને તે અંગેના પ્રમાણપત્ર સાથે સહાયની દરખાસ્ત મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

(૩૦) આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યકરણના હેતુ માટેના પ્રોજેક્ટ અંગે ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ તથા અન્ય કાયદાઓની જોગવાઈ અન્વયે મંજુરી મેળવવાની થતી હોય તો તે મેળવી લેવાની રહેશે.

(૩૧) પ્રસ્તુત યોજના અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૫ પછી કરવાનો રહેશે.

૨. આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવેલ બજેટ જોગવાઇ અંગેનો ખર્ચ સને ૨૦૨૫-૨૬ ના વર્ષ દરમિયાન નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

<u>બજેટ સદર</u>

**માંગણી ક્રમાંક :- ૫**
**સેક્ટર :- ગ- આર્થિક સેવાઓ**
**પેટા સેક્ટર :- (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ**
**મુખ્ય સદર :- ૨૪૨૫: સહકાર**
**ગૌણ સદર :- ૧૦૮- અન્ય સહકારી મંડળીઓને સહાય**
**પેટા સદર :- ૩૬ સીઓપી... ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાંકીય સહાય માટેનું પેકેજ**
**વિગતવાતર સદર :- ૦૦**
**હેતુ સદર :- ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને**
**હેડ ચાર્જેબલ સદર :- ૨૪૨૫ ૦૦ ૧૦૮ ૩૬**
**૬ ડિઝીટ પ્લાન કોડ : ૧૬૦૯૫૦**

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રી(કૃષિ), નાણાં વિભાગની તા.૨૯/૦૩ /૨૦૨૫ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાં નામે,

**(એસ.એચ.પ્રજાપતિ)**
**સેકશન અધિકારી**
**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

પ્રતિ,

૧. માન. મંત્રીશ્રી (કૃષિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમસંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
૨. માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (સહકાર)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
૩. સચિવશ્રી(સહકાર), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૪. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
૫. નિયામકશ્રી(ખાંડતંત્ર), ગુજરાત રાજ્ય, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૬. મહાલેખાકારશ્રી, ગુજરાત અમદાવાદ/રાજકોટ.
૭. નાણાકીય સલાહકારશ્રી (કૃષિ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૮. નાણાં વિભાગ (બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૯. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (બજેટ શાખા), સચિવાલય, ગાંધીનગર
૧૦. આઈટી શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૧૧. શાખા સિલેકટ ફાઈલ.

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા.૦૧/૦૪/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક:ACD/KEF/e-file /2 /2024 /3415 /01 /KH

પરિશિષ્ટ-અ

શેરડીની ઉત્પાદકતા વધારવા માટે નાણાંકીય પેકેજ સહાય (સબસીડી)ના ધોરણો :

| અ.નં. | પ્રોજેક્ટની વિગત | ખાંડ સહકારી મંડળીઓ માટે ફેક્ટરી દીઠ સહાયના ધોરણો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| એ | ખાંડ સહકારી મંડળીઓ દ્વારા બાયો કમ્પોસ્ટના વેચાણ સામે ખાંડ સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોના એકાઉન્ટમાં સીધેસીધી સહાય આપવાનો પ્રોજેક્ટ | બાયો કમ્પોસ્ટ કુલ મેટ્રીક ટન વેચાણના જથ્થા સામે પ્રતિ મેટ્રીક ટન રૂા.૧૦૦/- લેખે અથવા મહત્તમ રૂા.૨૦ લાખ બેમાંથી જે ઓછું હોય તે |
| બી | ખાડ સહકારી મંડળીઓ દ્વારા ફોસ્ફો કમ્પોસ્ટની ૫૦ કિ.ગ્રા.ની બેગની ખરીદી/ઉત્પાદનમાં વેચાણ સામે ખાંડ સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોના એકાઉન્ટમાં સીધેસીધી સહાય આપવાનો પ્રોજેક્ટ | ફોસ્ફો કમ્પોસ્ટ ૫૦ કિ.ગ્રા.ની કુલ બેગ વેચાણ સામે પ્રતિ બેગ રૂા.૧૦૦ અથવા મહત્તમ રૂા.૨૦ લાખ બે માંથી જે ઓછું હોય તે |
| સી | ખાડ સહકારી મડળીઓ દ્વારા વર્મી કમ્પોસ્ટની ૫૦ કિ.ગ્રા.ની બેગની ખરીદી/ઉત્પાદનના વેચાણ સામે ખાંડ સહકારી મંડળીઓ દ્વારા ખેડૂતોના એકાઉન્ટમાં સીધેસીધી સહાય આપવાનો પ્રોજેક્ટ | વર્મી કમ્પોસ્ટ ૫૦ કિ.ગ્રા.ની કુલ બેગ વેચાણ સામે પ્રતિ બેગ રૂા.૫૦ અથવા મહત્તમ રૂા.૬.૫૦ લાખ બેમાંથી જે ઓછું હોય તે |
| ડી | (૧) ખાડ સહકારી મંડળીઓ દ્વારા નવી ટીસ્યુકલ્ચર લેબ સ્થાપવા માટેનો પ્રોજેક્ટ | પ્રોજેક્ટ ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ ૪૦ લાખ તેમાંથી જે ઓછું હોય તે |
| | (૨) ખાડ સહકારી મંડળીઓ પાસે ટીસ્યુકલ્ચર લેબ છે તેવી ખાંડ સહકારી મંડળીઓને હયાત લેબમાં (સીવીલ વર્કસિવાય), વિસ્તૃતિકરણ માટેનો પ્રોજેક્ટ | પ્રોજેક્ટ ખર્ચના ૫૦ ટકા અથવા વધુમાં વધુ ૨૦ લાખ તેમાંથી જે ઓછું હોય તે |

આધુનિકરણ, અપગ્રેડેશન, વૈવિધ્યકરણના હેતુ માટેના પ્રોજેક્ટના સહાય (સબસીડી)ના ધોરણો

| અ.નં. | પ્રોજેક્ટની વિગત | ખાંડ સહકારી મંડળીઓ માટે સહાયના ધોરણો |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| એફ | ટર્બાઈનના બદલે ઈલેક્ટ્રીસીટી મોટરના ઈન્સ્ટોલેશન, મોલાસીસ/રેક્ટીફાઈડ સ્પીરીટ સ્ટોરેજ માટે નવી ટેન્ક બનાવવા, મિકેનાઈઝેશન ઈન સુગર હાર્વેસ્ટીંગ, ડિસ્ટીલરી કેપેસિટી અપગ્રેડેશન, ઈથેનોલ સ્ટોરેજ કેપેસીટી વધારવા, નવા ગોડાઉન બાંધકામ, સ્ટીમ ઈકોનોમી પ્રોજેક્ટ, બોઈલર મોડીફીકેશન, ૩ મેગાવોટ ટર્બાઈન વગેરે. આ તમામ પ્રોજેક્ટ પૈકી અગ્રતાને ધ્યાને લઈ સંસ્થાએ કરવાનો કોઈ પણ એક પ્રોજેક્ટ | પ્રોજેક્ટ ખર્ચના ૨૫ % અથવા વધુમાં વધુ ૧ કરોડ તેમાંથી જે ઓછું હોય તે |

સેક્શન અધિકારી,
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના તા. ૦૧/૦૪/૨૦૨૫ ના ઠરાવ ક્રમાંક: ACD/KEF/e-file /2 /2024 /3415 /01 /KH સાથેનું બિડાણ

પરિશિષ્ટ - બ

ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા નાણાંકીય સહાય મેળવવા માટે રજૂ કરવાની બ્રીફ નોટ/ચેકલીસ્ટ

**ખાંડ સહકારી મંડળીનું નામ:-**

| અ.નં. | પ્રોજેક્ટને સંલગ્ન વિગતો | સંસ્થાએ રજૂ કરવાની માહિતી |
|---|---|---|
| ૧ | નાણાંકીય સહાય માટેના પ્રોજેક્ટનું નામ | |
| ૨ | શેરડીનું ઉત્પાદન વધારવા, ઉત્પાદકતા વધારવા માટેના પ્રોજેક્ટ અંતર્ગત યુનિટ દીઠ વિતરણ/વેચાણ કિંમત | |
| ૩ | સંભવિત યુનિટના વેચાણ/વિતરણ માટેનો જથ્થો (બાયો, વર્મી, ફોસ્ફો, ટીસ્યુ અને સિંગલ આઇબડ દરેકનો અલગ અલગ જથ્થો દર્શાવવો) | |
| ૪ | સંભવિત લાભાર્થીઓની સંખ્યા (બાયો વર્મી, ફોસ્ફો, ટીસ્યુ અને સિંગલ આઇબડ દરેકની અલગ અલગ સંખ્યા દર્શાવવી) | |
| ૫ | ઇંફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ જે જમીન ઉપર હાથ ધરનાર હોય તેના સર્વે નંબર, બ્લોક નં., માલિકીની છે કે કેમ? ૭/૧૨ના ઉતારાની નકલ | |
| ૬ | પ્રોજેક્ટના અમલીકરણનું વર્ષ | |
| ૭ | ખાંડ સહકારી મંડળીએ આ પ્રોજેક્ટના હેતુ માટે આર.કે.વી.વાય કે અન્ય યોજના હેઠળ સહાય મેળવેલ છે કે કેમ? | |
| ૮ | ક્રમ નં. (૭) અન્વયે જો હા તો કયા વર્ષમાં અને કેટલી સહાય મેળવેલ છે? | |
| ૯ | પ્રોજેક્ટનો કુલ આઉટ લે (પ્રોજેક્ટવાર અલગ અલગ પરિશિષ્ટમાં રજુ કરવું) | |
| ૧૦ | કૃષિ વિષયક પ્રોજેક્ટમાં યુનિટ દીઠ દર્શાવવામાંઆવેલ વેચાણ કિંમત (યુનિટ દીઠ) અંગે કૃષિ યુનિવર્સિટીના ટેકનીકલ અભિપ્રાય અને અધિકૃત પ્રમાણપત્રની પ્રમાણીત નકલ. | |
| ૧૧ | ઇંફ્રાસ્ટ્રકચર બેઝ ટેકનીકલ પ્રોજેક્ટ ગર્વમેન્ટ એપ્રુવ્ડ એન્જીનીયર પાસે તૈયાર કરાવી, પ્લાનીંગ ડિઝાઇન અને ટેકનીકલ અધિકૃતતા સાથે રજૂ કરવામાં આવેલ છે કે કેમ? જો હા તો એપ્રુવ્ડ એન્જીનીયરના લાયસન્સની પ્રમાણિત નકલ. | |
| ૧૨ | પ્રોજેક્ટના હેતુઓ | |
| ૧૩ | પ્રોજેક્ટ હેઠળ આવરી લેવામાં આવેલ કામગીરી | |


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | |
|---|---|---|
| ૧૪ | પ્રોજેક્ટથી થતાં સંભવિત ફાયદાઓ (ઉત્પાદન, ઉત્પાદકતાનો વધારો, વિસ્તાર વધારો, તકનીકી કારણ, રોજગારીમાં સંભવિત વધારો, સંસ્થાની આવકમાં સંભવિત વધારો. | |
| ૧૫ | પ્રોજેક્ટ માટે થનાર સંભવિત ખર્ચની રકમ | |
| ૧૬ | પ્રોજેક્ટના અંદાજીત ખર્ચ પેટે સહાયની રકમ ઉપરાંત વધારાની રકમ સંસ્થા કઈ રીતે એકત્ર કરનાર છે તેની વિગત | |
| ૧૭ | સહાય આપવા અંગે જિલ્લા રજિસ્ટારશ્રીનો સ્પષ્ટ અભિપ્રાય | |

**મેનેજીંગ ડિરેક્ટરની સહી** **ચેરમેન** **મેનેજીંગ ડિરેક્ટર**